ભિલોડાના કુંડોલ (પાલ) ગામે ધો.૧૦ની વિદ્યાર્થિનીનું સ્કૂલના દરવાજા પાસેથી અપહરણ

ભિલોડા, તા. ૨૮

અરવલ્લી જીલ્લામાં ચોરી-લૂંટ, હિચકારા હુમલા હત્યા અને અપહરણના ગુન્હાઓનો ગ્રાફ ઉત્તરોત્તર વધી રહ્યો છે. બીજીબાજુ પોલીસતંત્ર સબસલામતના દાવાઓ કરી રહ્યું છે. ભિલોડાના એક ગ્રામ્ય વિસ્તારમાં સગીર યુવકે સગીરા પર દુષ્કર્મ કરવાનો પ્રયત્ન કર્યો હોવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે કુંડોલ (પાલ) ગામે ગામની હાઈસ્કૂલમાં ધો.૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનું ગામનાજ યુવકે બાઈક પર અપહરણ કરી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી. ભિલોડા પોલીસે ગામના યુવક વિરુદ્ધ અપહરણનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા તાલુકાના કુંડોલ (પાલ) ગામની શ્રી વનવાસી સંસ્કાર વિદ્યાલયમાં ધો.૧૦ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની શાળામાં ગયા બાદ સાંજે શાળા છૂટવાના સમય બાદ પણ ઘરે પરત ન ફરતા પરિવારજનો શાળાએ દોડી ગયા હતા અને વિદ્યાર્થિનીની સમગ્ર વિસ્તારમાં શોધખોળ હાથ ધરી હાંફળા ફાંફાળા બની ગયા હતા તેની સાથે અભ્યાસ કરતી બહેનપણી પાસે વિદ્યાર્થીના માતા-પિતા પહોંચતા તેની બહેનપણીએ તેમની પુત્રીને શાળાના દરવાજા આગળથી ગામનો એક યુવક બાઈક પર અપહરણ કરી ગયો હોવાનું જણાવતા પરિવારજનોની પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. વિદ્યાર્થિનીના પરિવારજનો યુવકના ઘરે તપાસ અર્થે પહોંચતા ત્યાં પણ વિદ્યાર્થીની મળી ન આવતા તેમની પુત્રીના અપહરણની ઘટનાથી હચમચી ગયા હતા. ત્રણ દિવસ ભારે શોધખોળ પછી પણ વિદ્યાર્થીના કોઈ સગડ નહિ મળતા વિદ્યાર્થીના પિતાએ પોલીસનું શરણ લીધું હતું.

ધો.૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીના પિતાએ ભિલોડા પોલીસ સ્ટેશને યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ભિલોડા પોલીસે અપહરણ અને પોક્સોનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ ખાતે રાષ્ટ્રીય કૃમિનાશક દિનની ઉજવણી કરાઇ

આજરોજ વા.દેરોલ આરોગ્ય પીએચસી સેન્ટર પર તાલુકા બ્લોક હેલ્થ અધિકારી આર.ડી. ગોસ્વામીની આગેવાનીમાં ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના દેરોલ પ્રાથમીક શાળામાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવી. સાબરકાંઠા જીલ્લા ભાજપના મહામંત્રીના અધ્યક્ષપણામાં શાળાના બાળકોને કૃમિનાશક ગોળી ખવડાવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે તા.આ.અધિ. ડૉ.આર.ડી. ગોસ્વામી દ્વારા બાળકોમા એનેમીયા અને કૃમિનાશક ગોળીના મહત્વ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. આ સાથે એ પણ જણાવેલ કે સમગ્ર ખેડબ્રહ્મા તાલુકાના કુલ ૫૪૫૪૧ બાળકોને આજરોજ અને મોપઅપ રાઉન્ડ તા. ૩-૩-૨૦૨૦ના દિવસે કૃમિનાશક ગોળી ખવડાવવામાં આવશે.

ધાનેરા તાલુકાના રવીયા ગામ પાસે સરકારી બસ અને સ્કુટર વચ્ચે અકસ્માતમાં પિતાનું મોત, પુત્રનો બચાવ

રવિભાઈ નામના યુવક પોતાના પુત્ર સાથે સ્કુટર પર રવીયા ગામ થી સામાજિક બેસણા માં જઈ રહ્યા હતા તે સમયે રવીયા ગામ નજીક સરકારી બસ અને સ્કુટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં ૫૦ વર્ષીય રવિભાઈ નામના યુવકનું ઘટના સ્થળ પર જ મોત નીપજયું હતું તો બીજી તરફ પુત્રનો આબાદ બચાવ થયો હતો સમગ્ર ઘટના ને લઈ ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને સમગ્ર બાબતે લોકોએ ધાનેરા પોલીસને જાણ કરતાં ધાનેરા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ મૃતકની લાશને પીએમ અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી અકસ્માતની જાણ થતાં ધાનેરા ની રેફરલ હોસ્પિટલમાં પણ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

મોડાસામાં ધો.૧૦ અને ધો.૧૨ બોર્ડની પરીક્ષા અંગે જિલ્લા શિક્ષણાધિકારીની માર્ગદર્શન બેઠક યોજાઈ

મોડાસા, તા. ૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષા આગામી ૫ માર્ચથી ૨૧ માર્ચ સુધી યોજાનાર છે. અરવલ્લી જીલ્લામાં બોર્ડની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને પરીક્ષાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તે માટે જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન એચ. પટેલના રાહબર હેઠળ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના જિલ્લા ના પરીક્ષા કેન્દ્રોના સ્થળ સંચાલક તેમજ સરકારી પ્રતિનિધિની તાલીમ અને માર્ગદર્શન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ચાલુ સાલે બોર્ડ દ્વારા એપ્લિકેશન બેઝડ પેપર બોક્ષ ટ્રેકીંગ સીસ્ટમ અમલી બની છે તે અંગે જાણકારી આપવામાં આવી હતી. ધો.૧૨ના ઝોનલ અધિકારી તરીકે એસ.ડી. પટેલ અને ધો. ૧૦ના ઝોનલ અધિકારી તરીકે ડી.વી. નિનામાં રહેશે.

જીલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન એચ. પટેલે બોર્ડ દ્વારા એપ્લિકેશન બેઝડ પેપર બોક્ષ ટ્રેકીંગ સીસ્ટમ અમલી બની છે તેના વિષે માર્ગદર્શન આપી જણાવ્યું હતું કે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા

પેપરલીક રોકવા માટે એક ખાસ એપ વિકસાવવામાં આવશે. પેપર જ્યારે સેન્ટર પર પહોંચે ત્યારે તેના ફોટો પાડવાના રહેશે અને સંચાલક, નિરીક્ષક, સરકારી પ્રતિનિધિની હાજરીમાં પેપરનું સીલ તોડવાનું રહેશે.

પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે પણ બોર્ડ દ્વારા કડક નિયમો અનુસાર બોર્ડના કેન્દ્ર અને પરીક્ષાખંડોને સીસીટીવીથી સજ્જ કરવામાં આવ્યા હોવાનું અને મોબાઈલના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્ર પર ઝેરોક્ષ મશીન અને ઈન્ટરનેટનો ઉપયોગ કરવા પર પણ નિયંત્રણ મૂકાયા છે. ખંડ નિરીક્ષકોને પણ પરીક્ષા શરુ થયાના એક કલાક પહેલા હાજર થઈ જવા ઉપરાંત, કોઈની પણ શેહ-શરમ કે દબાણમાં આવ્યા વિના ફરજ બજાવવાની તાકીદ કરાઈ હતી.

મોડાસાની ઘાંચી હાઈસ્કૂલમાં વાર્ષિકોત્સવ મહોત્સવની ઉજવણી

મોડાસા, તા. ૨૮

ધી. એમ.આર.ટી.સી. ઘાંચી હાઈસ્કૂલ, મોડાસામાં વાર્ષિક મહોત્સવની શાનદાર ઉજવણી અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ઘાંચી હાઈસ્કૂલ મોડાસામાં ધો. ૧૦ ની વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ, વાલી વાલેદા સંમેલન તથા ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમારંભના અંધ્યક્ષ સિકંદરભાઈ વાય. સુથાર (રાજાબાબુ), મુખ્ય મહેમાનમાં રાજેન્દ્રસિંહ એસ. ઠાકોર (ધારાસભ્ય, મોડાસા તાલુકા), સલીમભાઈ દાદુ (દાદુ જનરલ સ્ટોર્સ) તથા અતિથિ વિશેષ તરીકે સુભાષભાઈ શાહ (પ્રમુખ, મોડાસા નગરપાલિકા) અબ્દુલ રજ્જાક એચ. ટીંટોઈયા (પ્રમુખ, ધી મોડાસા રોડ ટ્રા.કો.ઓ. સો.લી.), મ. સલીમ પી. સુથાર, મંજુરહુસૈન આખુનજી (ચેરમેન, ધી બવાહીર સહકારી શરાફી મંડળી લી.), મ. વસીમ મલેક (એજીનીયર, હાઈટેક કન્સ્ટ્રકશન) તથા કારોબારી સભ્ય, સભાસદ, વાલીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સદર સંસ્થાના સેક્રેટરી મો. હનીફ એસ. સીધવાએ ઉપસ્થિત મહેમાનોનું તથા વાલી વાલેદાઓનું સ્વાગત પ્રવચન કર્યું હતું. મુખ્ય મહેમાન રાજેન્દ્રસિંહ એસ. ઠાકોરે પ્રસંગને અનુરૂપ પ્રવચન આપી સંસ્થાને એમની ગ્રાન્ટમાંથી રૂ. ૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ) જાહેર કર્યા અને અન્ય મુખ્ય મહેમાન સલીમભાઈ દાદુએ રૂ. ૫૧,૦૦૦ વસીમભાઈ મલેકે ૨૧,૦૦૦ દાન આપ્યા હતો.

ડીસામાં કાર અને ટ્રક વચ્ચે વિચિત્ર અકસ્માત

બનાસકાંઠા જિલ્લાના તાલુકામથક ડીસામાં ટ્રાફિકની વર્ષોજુની સમસ્યાના નિરાકરણ માટે ઓવરબ્રિજ બની રહ્યો છે તેમ છતાં માર્ગ અકસ્માતનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. ત્યારે શુક્રવારે સર્જાયેલા વધુ એક વિચિત્ર માર્ગ અકસ્માતની મળતી વિગતો મુજબ ડીસાના હાઇવે ઉપર આવેલ રિલાયન્સ પેટ્રોલ પમ્પ નજીક એરંડાની બોરીઓ ભરીને જતી આઇસર ટ્રક (નં. જીજે- ૦૫-એ.વી.-૮૩૭૧) અચાનક ઉથલી પડતા તેમાં ભરેલી એરંડાની ૫૦ થી વધુ બોરીઓ નજીકમાંથી પસાર થતી હોન્ડા સીટી કાર નં. (જીજે-૦૧-કે.વી.-૦૦૨૯) ઉપર પડતા કારનો ભુક્કો બોલી જવા પામ્યો હતો. અકસ્માતના પગલે આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા. સદનસીબે કારમાં સવાર તમામનો આબાદ બચાવ થયો હતો તેને લઈ હર કોઈએ રાહતનો દમ લીધો હતો. પણ અકસ્માતના પગલે હાઇવે રોડની બન્ને સાઈડે વાહનોની લાંબી લાઈનો લાગી જતા ટ્રાફિક ચક્કાજામ થયો હતો જેના કારણે વાહનચાલકો અટવાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલી પોલીસને પણ ટ્રાફિક રાબેતા મુજબ કરાવતા પરસેવો પડી ગયો હતો.

આજીવન કેદની સજા ભોગવતા વચગાળા જામીન રજા ઉપરથી ફરાર

વડગામ, તા. ૨૮

આઈ.જી.પી. સુભાષ ત્રિવેદી સરહદી રેન્જ ભુજનાઓ તરફથી આપવામાં આવેલ નાસતા ફરતા તથા પેરોલ ફરલો ફરારી આરોપીઓ પકડવાની આપેલ સૂચના અંતર્ગત પોલીસ અધિક્ષક તરૂણકુમાર દુગ્ગલ બનાસકાંઠા

પાલનપુરનાઓની સૂચના આધારે પો.સ.ઈ. કે.કે. પાટડીયા પેરોલ ફર્લો સ્કોડ પાલનપુર તથા સ્ટાફના એએસઆઈ કિરણસિંહ તથા અયુબખાન તથા પ્રવિણસિંહ તથા અ.હે.કોન્સ. શૈલેષભાઈ તથા પો.કો સંજયભાઈ તથા રમેશભાઈ વી. પોલીસ સ્ટાફના માણસો સાથે વડગામ તાલુકાના છાપી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાસતા ફરતા/પેરોલ/ફર્લો ફરારી આરોપીની તપાસ તથા નાઈટ પેટ્રોલિંગમા હતા. દરમ્યાન એએસઆઈ એયુબખાનનાઓને મળેલ બાતમી હકીકત આધારે વચગાળાના જામીન રજા ઉપરથી ફરારી આરોપી મુકેશભાઈ શંકરભાઇ પટણી રહે. માહી, તા. વડગામ જી. બનાસકાંઠાવાળાને આજ રોજ તા. ૨૮-૨-૨૦૨૦ના ક.૦૧/૧૫ વાગે હકીકત આધારે તેનીવાડા તા વડગામ મુકામેથી પકડી પાડી જિલ્લા જેલ પાલનપુર ખાતે આગળની સજા ભોગવવા સારૂ મોકલી આપેલ છે.

તલોદમાં કૃમિનાશક દિનની ઉજવણી

તલોદ, તા. ૨૮

સાબરકાંઠાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તલોદ તાલુકાની શાળામાં રાષ્ટ્રીય કૃમિનાશક દિનની ઉજવણી કરી તલોદ તાલુકાને કૃમિ મુક્ત બનાવવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં તલોદ તાલુકાની ખાનગી અને સરકારી એમ કુલ ૧૮૬ પ્રાથમિક શાળાઓ, ૨ આશ્રમ શાળાઓ, ૩૩ માધ્યમિક અને ૨૦૦ આંગણવાડીની શાળાએ જતા ૧ થી ૧૯ વર્ષના કુલ ૩૯૫૦૧ બાળકોને આલ્બેન્ડોઝોલની ૧ ગોળી ચાવીને ખવડાવી તમામ બાળકોને ડીવોર્મીંગ કરી તેમના શરીરમાં રહેલ કૃમિને નાશ કરવાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં તલોદ નગરપાલિકાના પ્રમુખ નરેન્દ્ર સોલંકી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તલોદ ગ્રામ પ્રા. શાળાના તમામ શિક્ષકો, તાલુકા હેલ્થ કચેરીના તમામ સ્ટાફ, મેડીકલ ઓફિસરો, આયુષ તબીબો, હેલ્થ ભાઈઓ અને બહેનો તથા આશા કાર્યકર બહેનોનો ખાસ સહયોગ રહ્યો હતો.

શામળાજીના ખેરંચા નજીક ધ બર્નિંગ કાર

દોડતી કારમાં આગ લાગતા એક ભડથું : એકને લોકોએ બચાવી લીધો

શામળાજી, તા. ૨૮

અરવલ્લી જીલ્લામાં સીએનજી કીટ ધરાવતા વાહનોમાં મોટા પ્રમાણમાં વધારો થયો છે. સીએનજી ગેસ કીટ ચાલતા વાહનો જીવતા બોંબ સમાન હોય તેમ અનેકવાર જીલ્લામાંથી પસાર થતા વાહનો રોડ પર દોડતા દોડતા સળગી ઉઠતા હોવાની ઘટનાઓ છાસવારે બની રહી છે. કેટલાક વાહન ચાલકો હલકી ગુણવત્તાવાળી સીએનજી કીટ વાહનોમાં લગાવી વાહનો હંકારી લોકોનો જીવ જોખમમાં મૂકી રહ્યા છે.

શામળાજી-મોડાસા હાઈવે પર ખેરંચા ગામ નજીક રોડ પરથી પસાર થતી સીએનજી કારમાં અગમ્ય કારણોસર આગ લાગતા "ધ બર્નિંગ કાર" જેવા દ્રશ્યો સર્જાયા હતા. કારમાં આગ લાગતા કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર રોડ બાજુની ઝાડીઓમાં ઉતરી ગઈ હતી. કારમાં સવાર એક વ્યક્તિ ભડથું થઈ ગયો હતો અન્ય એક વ્યક્તિને બચાવવામાં દોડી

આવેલા લોકો સફળ રહ્યા હતા. સમગ્ર ઘટનાના પગલે શામળાજી મહિલા પીએસઆઈ પરમાર ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મોડાસા ફાયરબ્રિગેડની ટિમ પણ ઘટનાસ્થળે પહોંચી કારમાં લાગેલી આગ કાબુમાં લેવાના પ્રયત્નો કર્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, શામળાજી નજીક આવેલા ખેરંચા ગામ નજીક મોડાસાથી શામળાજી તરફ જઈ રહેલ સીએનજી કારમાં અગમ્ય કારણોસર આગ લાગતા અઢેરા ગામના અને સેવા સહકારી મંડળીના સેક્રેટરી ગણપતભાઈ હાથીભાઈ પટેલ જીવતા ભૂંજાઈ ગયા હતા. કારમાં સવાર અન્ય એક વ્યક્તિને લોકોએ બચાવી લેતા શરીરે દાઝી જતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો "ધ બર્નિંગ કાર" ઘટનાની જાણ મોડાસા ફાયરબ્રિગેડની ટીમને થતા ઘટનાસ્થળે પહોંચી કારમાં લાગેલ આગ પર કાબુ મેળવ્યો હતો. કાર આગમાં ખાખ થઈ હતી કારમાં આગ લાગતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાતા શામળાજી પોલીસે ટ્રાફિક પૂર્વરત કરાવ્યો હતો. કારમાં અઢેરા ગામના ગણપતભાઈ પટેલ હોમાઈ જતા પરિવારજનો અને સગા-સંબંધીઓ ઘટનાસ્થળે દોડી આવી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

વાદળો ઘેરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં પ્રારંભિક ઉનાળાના આગમન ટાંણે આજે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. બપોર બાદ અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણના લીધે ગરમીનુ પ્રમાણ ઘટયુ હતુ. આકાશમાં અચાનક જ વાદળો ઘેરાઇ આવ્યા હતા. બપોરના સમયે તપતા સુરજ વચ્ચે મોસમનો નઝારો બદલાતા નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. જેના લીધે આજે મહત્તમ તાપમાન પણ ઘટયુ હતુ. ગઇકાલે મહત્તમ તાપમાન ૩૪.૨ રહ્યુ હતુ જયારે આજે ગરમીનો પારો દોઢ ડીગ્રી નીચે ઉતર્યો હતો. જેના લીધે આકરી ગરમીમાં પણ નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીએ વિદાય લેતા નગરજનો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. જયારે મોડી રાત્રે અને વહેલી સવારે ગુલાબી ઠંડીનો ચમકારો હજુ પણ વર્તાય છે. આવા સંજોગોમાં આજના વાતાવરણ પલ્ટાના લીધે નગરમાં મોસમનો અનોખો નઝારો જોવા મળ્યો હતો. ઉગતા ઉનાળે જ વાદળિયા વાતાવરણના લીધે નગરજનોને ટાઢક વળી હતી. આજે લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડીગ્રી નોંધાયુ હતુ. સવારે ભેજનુ પ્રમાણ પણ વધ્યુ હતુ.

પ્રાઈડ વોક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાવર વૉકનું આયોજન કરવામાં આવ્યુ હોવાનું વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

અંદાજે ૩ કિ.મી.ની આ પાવર વૉકના આયોજનને જિલ્લાતંત્ર દ્વારા આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આ રેલી માટે ખાસ સૂત્રો તૈયાર કરવામાં આવ્યા છે. એટલુ જ નહિ ૧૦૦ થી વધુ પ્લે કાર્ડ પણ મહિલાઓ દ્વારા દેખાડવામાં આવશે. ગાંધીનગરમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી પહેલાં પાવર વૉકના કરાયેલા આયોજનમાં અંદાજો ૧૫૦૦ થી ૨૦૦૦ મહિલાઓ જોડાશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

વિકાસ કામો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિર્માણ માટે પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના અન્વયે નવી ચાર આવાસ યોજના અન્વયે ૪૦ કરોડની જોગવાઇ પણ બજેટમાં કરવામાં આવી છે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં પર્યાવરણની જાળવણી અને ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા સહીત રહીશોના આનંદ પ્રમોદ માટે રૂ ૫૦ લાખના ખર્ચે બાગ બગીચા નુ નિર્માણ કરાશે. આ ઉપરાંત રૂ ૧૦ લાખના ખર્ચે તળાવનુ પણ નિર્માણ કરાશે. પુલ નિર્માણ માટે પણ રૂ ૩ કરોડ ખર્ચાશે જયારે ગુડા ભવન માટે ૧૩.૫૧ કરોડ જયારે એમ્યુઝમેન્ટ પાર્ક માટે ૨.૭૫ કરોડનો ખર્ચ કરાશે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં પાર્ટી પ્લોટ તૈયાર કરવા માટે ૩ કરોડનો ખર્ચ કરાશે. ગુડા વિસ્તારમાં નવિન રમત ગમતનુ મેદાન પણ બનશે જયારે આ કામગીરી પાછળ રૂ ૫૦ લાખનો ખર્ચ કરાશે. વિદ્યાર્થીઓ માટે લાઈબ્રેરી પણ બનાવાશે. જયારે શાકભાજી ફળોના માર્કેટ નિર્માણ માટે રૂ ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં અજવાળુ પાથરવા માટે સ્ટ્રીટ લાઇટના કામ માટે ૩.૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુડા વિસ્તારના પ્લોટ સંરક્ષણ માટે પ્લોટ કમ્પાઉન્ડ વોલ અને તારફેન્સીંગ માટે રૂ ૨.૪૫ કરોડ ખર્ચાશે. જયારે ગુડા ગ્રામ વિકાસ સદભાવના યોજના અંતર્ગત ગુડા વિસ્તારના ગામોમાં વિવિધ વિકાસ કામોને વેગ આપવા માટે રૂ ૩.૨૪ કરોડની જોગવાઇ પણ બજેટમાં કરવામાં આવી છે. જયારે શહેરની જેમ ગુડા વિસ્તારમાં સાયકલ શેરીંગ પ્રોજેકટના અમલ માટે પણ ૧.૧૦ કરોડના ખર્ચનુ આયોજન બજેટમાં કરવામાં આવ્યુ છે.

રસીકરણ ઝુંબેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંદુરસ્ત સમાજના નિર્માણ માટે આ મિશનને સફળ બનાવવા તેમણ અનુરોધ કર્યો હતો. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતી રવિએ જણાવ્યું હતું કે, રાજ્યમાં રસીકરણનો વ્યાપ વધારવા ખાનગી પ્રેક્ટિસ કરતા પીડિયાટ્રીશ્યનોને પણ સંપૂર્ણ મફત રસી ઉપલબ્ધ કરાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. જેના થકી આ મફત રસી મેળવીને ખાનગી તબીબો પણ મફતમાં રસીકરણ કરી શકશે. અગ્રસચિવ ડૉ.જયતિ રવિએ સઘન મિશન ઈન્દ્રધનુષ ૨.૦ વિષે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ મિશન અંતર્ગત સંપૂર્ણ રસીકરણમાં નોંધપાત્ર વધારો થાય અને દેશના ખાસ વિસ્તારોમાં વંચિત રહેલા બાળકો અને સગર્ભા માતાઓને રસીકરણની સેવાઓ મળે તે સુનિશ્ચિત કરવાનો છે.

ધોવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટાડામાં રિલાયન્સનો શેર પણ બાકાત નથી રહી શક્યો. કોરોના વાયરસના ફફડાટને પગલે છેલ્લા કેટલાક દિવસોથી શેરબજારમાં જોરદાર ધોવાણ થઈ રહ્યું છે. વિવિધ કંપનીઓના શેર્સમાં પણ મોટો કડાકો બોલાતા ભારતના ટોચના ધનવાનોની સંપત્તિમાં પણ સારું એવું ધોવાણ થયું છે. છેલ્લા બે મહિનામાં જ મુકેશ અંબાણી બાદ કુમાર મંગલમ બિરલાની વેલ્થ પણ ૮૮૪ મિલિયન ડોલર જેટલી ઘટી છે. જ્યારે આઈટી ટાયકૂન અજીમ પ્રેમજીને પણ ૮૬૯ મિલિયન ડોલર જ્યારે ગૌતમ અદાણીને ૪૯૬ મિલિયન ડોલર ગુમાવવા પડ્યા છે.

કડાકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેની સપાટી ૧૫૨૭૪ રહી હતી. નિફ્ટી મેટલ ઈન્ડેક્સમાં ૭ ટકાથી વધુનો ઘટાડો રહેતા તેની સપાટી ૨૨૩૩ રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૩ ટકાથી વધુનો ઘટાડો થતાં તેની સપાટી ૧૪૬૦૦ રહી હતી. બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧૩૭૦૯ પોઈન્ટની સપાટી જોવા મળી હતી તેમાં ૫૦૦ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. બજાર સાથે જોડાયેલા નિષ્ણાતોના કહેવા મુજબ કોરોના વાયરસને રોકવામાં નિષ્ફળતા અને તેના વધુ ફેલાવાતાથી આ દહેશત વધી ગઈ છે. સતત છઠ્ઠા દિવસે કારોબારી સેશનમાં જોરદાર મંદી રહી હતી. કારોબાર શરૂ થતાંની સાથે જ ૧૧૦૦ પોઈન્ટ સુધીનો ઘટાડો થઈ ગયા બાદ દિવસ દરમિયાન જોરદાર મંદી રહી હતી. અને છેલ્લે સુધી સ્થિતિ સુધરી ન હતી. સર્વાંગી વેચવાલી કોરોના વાયરસની દહેશત વચ્ચે જોવા મળી હતી. એમ માનવામાં આવી રહ્યું હતું કે, કોરોના વાયરસ પર થોડાક મહિનામાં જ કાબૂ મેળવી લેવામાં આવશે અને આર્થિક પ્રવૃત્તિ તીવ્ર બનશે પરંતુ આ ગણતરી ખોટી સાબિત થઈ છે. વિશ્વના અન્ય દેશો પણ કોરોના સકંજામાં આવ્યા છે. શેરબજારમાં આજે કોરોના વાયરસની જોરદાર દહેશત વચ્ચે કોહરામની સ્થિતિ રહી હતી. વૈશ્વિક બજારોમાં ભારે દહેશતની અસર ભારતીય શેરબજાર ઉપર પણ થઈ હતી. કોરોના વાયરસના પરિણામે દુનિયાભરના બજારો બિમાર હાલતમાં આવી ગયા છે.

જીડીપી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકા થઈ ગયો હતો. છેલ્લા ૨૬ ત્રિમાસિક ગાળામાં એટલે કે છ

વર્ષના ગાળામાં ભારતીય અર્થવ્યવસ્થામાં વિકાસની ગતિ સૌથી ધીમી રહી છે. એક વર્ષ પહેલા આ સાત ટકા હતો જે છેલ્લા ત્રિમાસિક ગાળામાં પાંચ ટકાની ગતિ હતી. ત્રીજા ત્રિમાસિક ગાળા એટલે કે ઓક્ટોબર-ડિસેમ્બરને લઈને જાપાનની નાણાંકીય સેવા ઉપલબ્ધ કરાવનાર કંપની નોમુરાનું કહેવું છે કે, વિકાસની ગતિ વધુ ધીમી પડશે અને તે ઘટીને ૪.૩ ટકા થઈ શકે છે. નોમુરાનું કહેવું છે કે, વર્ષ ૨૦૨૦ના પ્રથમ ત્રિમાસિકગાળામાં નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના છેલ્લા ત્રિમાસિક ગાળાના જીડીપી ગ્રોથ રેટમાં નજીવો સુધારો થશે અને તે ૪.૭ ટકા રહી શકે છે. સુસ્તીનો અંદાજ આનાથી લગાવી કાય છે કે, એક વર્ષમાં રિઝર્વ બેંકે રેપોરેટમાં ૧.૩૫ ટકાનો ઘટાડો કર્યો છે તેમ છતાં લોનની માંગમાં ઉછાળો નોંધાયો હતો પરંતુ મોંઘવારીનો દર ચાર ટકાના ટાર્ગેટથી આશરે બે ગણા સુધી થઈ ગયો છે. ઈન્ડસ્ટ્રીય પ્રોડક્શનમાં ઘટાડો થયો છે. આ સ્થિતિને લઈને સરકારનું કહેવું છે કે, જીએસટી જેવા નિર્ણયને લઈને અસર આગામી દિવસોમાં જોવા મળશે.